પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/ ૨૯૫૯ /૨૦૨૨ તારીખ:૨૯/૦૪/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ ક.૧૫/૦૦ થી ક.૧૬/૩૦ દરમ્યાન ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવાના વિવિધ સંવર્ગની સીધી ભરતીની પરીક્ષા વડોદરા શહેરના કુલ-૧૩ પરીક્ષા કેન્દ્રો (સ્કુલ/હાઇસ્કુલ) ઉપર લેવામાં આવનાર છે. જે પરીક્ષા કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરુરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, જીલ્લા પંચાયત કચેરી વડોદરા શહેરના પત્ર ક્રમાંકઃન.જિ.પ./મહમ/કગ-૨/૨૮૨/૨૦૨૨ વાળા પત્ર અનુસંધાને ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.૪૨૨/CRC/૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે, અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં.૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે, જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામા આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રુએ નીચે જણાવેલ વિસ્તારમાં તા.૩૦/૦૪/૨૦૨૨ ના કલાક.૧૩/૦૦ થી ક.૧૭/૩૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: કૃત્યો :-

વડોદરા શહેરમાં જે, જે કેન્દ્રો (શાળાઓ) માં પરીક્ષા લેવાનાર છે, જે તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા. ૩૦/૦૪/૨૦૨૨ ના કલાક.૧૩/૦૦ થી ક.૧૭/૩૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇપણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડ સેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન, વાયરલેસ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર કે ઇલેકટ્રોનીક ઉપકરણો તેમજ કોઇપણ જાતના વિજાણુંયંત્ર લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુમાં ૧૦૦ મીટરના અંતરમાં પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવુ નહી તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી કે, લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

### -: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ લોકરક્ષક પરીક્ષા કેન્દ્રની શાળાઓ /હાઇસ્કુલની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ-૧

| અ.નં. | કેન્દ્ર (સ્કુલનું નામ) | પોલીસ સ્ટેશન |
|---|---|---|
| ૧ | બરોડા હાઇસ્કુલ, એકસપ્રેસ હોટલની સામે અલકાપુરી વડોદરા. | સયાજીગંજ |

| | | |
|---|---|---|
| ૨ | એલેમ્બિક વિધાલય, ઇન ઓર્બિટ મોલની સામે રીફાઇનરી રોડ, ગોરવા વડોદરા. | ગોરવા |
| ૩ | સત્યનારાયણ વિધ્યાલય, લક્ષ્મીપુરા રોડ ગોરવા વડોદરા. | ગોરવા |
| ૪ | ટ્રી હાઉસ સ્કુલ અટલાદરા, વડોદરા | માંજલપુર |
| ૫ | ગુજરાત પબ્લીક સ્કુલ, કલાલી ફાટક પાસે, અટલાદરા વડોદરા. | માંજલપુર |
| ૬. | બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિધામંદિર અટલાદરા-પાદરારોડ,નારાયણવાડી સામે | જે.પી.રોડ |
| ૭. | રોઝરી હાઇસ્કુલ, પ્રતાપગંજ વડોદરા. | સયાજીગંજ |
| ૮. | કોન્વેન્ટ ઓફ જીસીસ એન્ડ મેરી ગર્લ્સ હાઇસ્કુલ ઇ.એમ.ઇ.પોષ્ટ ઓફિસ સામે ફતેગંજરોડ | ફતેગંજ |
| ૯. | હિલ મેમોરીયલ સ્કુલ એમ.એસ.યુનિ.સામે પેવેલીયન સામે ફતેગંજ | સયાજીગંજ |
| ૧૦. | શ્રી અંબે વિધાલય,બાપોદ જકાતનાકા, વાઘોડીયારોડ, વડોદરા. | પાણીગેટ |
| ૧૧. | સ્વામિ વિવેકાનંદ વિધાલય, મહેશ કોમ્પલેક્ષ પાસે, પરીવાર ચારરસ્તા વાઘોડીયારોડ | પાણીગેટ |
| ૧૨. | શ્રી વલ્લભ વિધામંદિર ડભોઇ-વાઘોડીયા રીંગ રોડ, વડોદરા. | પાણીગેટ |
| ૧૩ | નારાયણ વિધાલય, ગુરૂકુળ ચાર રસ્તા, વાઘોડીયા. | પાણીગેટ |

**-: અપવાદ :-**

**<u>આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.</u>**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા નિમાયેલ અધિકૃત અધિકારી પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: અમલવારીનો સમય :-**

આ હુકમ તા. ૩૦/૦૪/૨૦૨૨ ના કલાક.૧૩/૦૦ થી ક.૧૭/૩૦ સુધી અમલમાં રહેશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :- /૦૪/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ

**<u>સવિનય નકલ રવાના</u>** :-

**સવિનય નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા